દાખલ તારીખઃ– ૧૨/૦૬/૨૦૨૬.
રજી.તારીખઃ– ૧૨/૦૬/૨૦૨૬.
ફેસલ તારીખઃ– ૧૬/૦૬/૨૦૨૬.
સમય ગાળોઃ– વર્ષ માસ દિવસ

<u>રાજકોટ જિલ્લાનાં મહે. ૭ માં એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં,</u>
<u>મુકામઃ જેતપુર.</u>

ફોજ. પર. અરજી નં. ૨૭૫/૨૦૨૬.
સ્પે. એટ્રોસિટી કેસ નં. ૧/૨૦૨૫.
આંકઃ–

(૧) અલ્તાફ ફારૂકભાઈ બુકેરા
ઉ.આ.વ. ૨૩, ધંધોઃ મજૂરી,
રહે. ઈલાહી ચોક, ગેબી પાન પાછળ,
નવાગઢ, જેતપુર.

(૨) પ્રતાપ ઉર્ફે વિશાલ જગુભાઈ લુહાર
ઉ.આ.વ. ૨૩, ધંધોઃ મજૂરી,
રહે. રેશમડી ગાલોલ, અનુસૂચિત વાસ,
રામાપીરના મંદિર પાસે,
તા. જેતપુર, જી. રાજકોટ............................અરજદારો.
(બંને હાલઃ સબ જેલ, જેતપુર)

વિરૂદ્ધ

ધી સ્ટેટ ઓફ ગુજરાત
થ્રુ એડી.પી.પી.શ્રી, જેતપુર..........................સામાવાળા.

બાબતઃ– <u>બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી</u>.

<u>અરજદારો તરફે વિ. વ. શ્રી વી. બી. ગોસાઈ</u>.
<u>સામાવાળા શ્રી સરકાર તરફે વિ. એડી. પી. પી. શ્રી કે. એ. પંડ્યા</u>.

<u>ઠ રા વ</u>

(૧) અરજદાર/આરોપીઓએ હાલની આ અરજી જેતપુર ઉદ્યોગનગર

પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૨૧૩૦૯૬૨૪૦૧૨૫/૨૦૨૪ થી ઈ. પી. કોડની કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસિટી એક્ટની કલમ–૩(૧)(આર), ૩(૨)(૫–એ) મુજબનો ગુનો નોંધાયેલ સદર ગુનાના કામે અરજીમાં જણાવેલ જુદા જુદા કારણોને લક્ષમાં રાખી જામીનમુક્ત કરવા દાખલ કરેલ છે.

**(૨)** અરજદારોની અરજી તેમજ બંન્ને પક્ષકારોના વિ. વ. શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવી.

**(૩)** અરજદાર/આરોપીઓ તરફે વિ. વ. શ્રી દ્વારાં મુખ્યત્વે એવી રજૂઆતો કરવામાં આવેલ છે કે, અરજદારો નિર્દોષ છે, કોઈ ગુનો કરેલ નથી. અરજદારો સામે સને–૨૦૨૫ ની સાલમાં ઉપરોક્ત ચાર્જ અન્વયેનો ગુનો નોંધાયેલો જેમાં અરજદારો જામીનમુક્ત હતાં અને તેનો સ્પે. એટ્રોસિટી કેસ નં. ૧/૨૦૨૫ નો અત્રેની અદાલતમાં ચાલુ છે, પરંતુ અરજદારો મજૂરીકામ કરતાં હોઈ અને કામ ધંધા સબબ બહારગામ રોકાયેલ હોવાથી શરતચૂકથી મુદ્દત તારીખે નામદાર કોર્ટ સમક્ષ હાજર રહી શકેલ નહીં જેમાં અરજદારનો હાજર ન રહેવા માટેનો કોઈ બદ ઈરાદો નહતો, પરંતુ કુટુંબમાં એકમાત્ર કમાનાર વ્યક્તિ હોઈ કામધંધા સબબ બહારગામ જવાનું હોવાથી મુદ્દત તારીખે હાજર રહી શકેલ નહીં અને જેના પરિણામે પકડ વોરંટ આધારે કસ્ટડીમાં લેવામાં આવેલ અને તેઓએ જણાવેલ છે કે પરિવારની જવાબદારી તેમના શિરે છે અને પરિવારના ભરણ પોષણની જવાબદારી પણ તેમના શિરે છે અને જો જામીન ઉપર મુક્ત ન કરવામાં આવે તો તેમનાં પરિવારને ભુખે મરવાનો વારો આવે તેમ છે તે સંજોગોમાં આ અરજી મંજૂર કરી યોગ્ય શરતોને આધિન જામીન ઉપર મુક્ત કરવા અરજ ગુજારેલ છે.

**(૪)** વધુમાં આ કામે સરકારશ્રી તરફે વિ. એડી. પી. પી. શ્રી દ્વારાં મુખ્યત્વે એવી રજૂઆત કરેલ છે કે, અરજદારોને અગાઉ જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ જેમાં ફરમાવેલ શરત મુજબ તેઓ અત્રેની અદાલત સમક્ષ કેસ ચાલતા દરમિયાન નિયમિત હાજર રહેતાં ન હોઈ તેઓની સામે પકડ વોરંટ કાઢવામાં આવેલ અને કસ્ટડીમાં લેવામાં આવેલ છે અને જો ફરીથી જામીન ઉપર મુક્ત કરવામાં આવશે તો ફરીથી તેઓ અદાલત સમક્ષ નિયમિત હાજર નહીં રહે જેના પરિણામે ટ્રાયલ લંબાવાની શક્યતાઓ રહેલ હોઈ જામીન

ઉપર મુક્ત ન કરવા રજૂઆત કરેલ છે.

**(૫)** અરજદારોની જામીન અરજી, દલીલો, પોલીસ પેપર્સ તેમજ અરજદારો તરફે કરવામાં આવેલ રજૂઆતો ધ્યાને લીધી.

વધુમાં અરજદારોને અગાઉ જામીન મુક્ત કરવામાં આવેલ અને ત્યારબાદ તેનો સ્પે. એટ્રોસિટી કેસ નં. ૧/૨૦૨૫ નો અત્રેની અદાલતમાં ચાલુ છે, પરંતુ અરજદારોનાં જણાવ્યા અનુસાર તેઓ મજૂરીકામ કરતાં હોઈ અને કામ ધંધા સબબ બહારગામ રોકાયેલ હોવાથી શરતચૂકથી મુદ્દત તારીખે નામદાર કોર્ટ સમક્ષ હાજર રહી શકેલ નહીં તેમજ અરજદારો હાલ જ્યુડીશિયલ કસ્ટડીમાં હોઈ અને અરજદારોનાં જણાવ્યા અનુસાર તેમનાં સિવાય ઘરમાં કોઈ અન્ય કમાનાર વ્યક્તિ ન હોઈ અને હવે પછી નિયમિત રીતે દર મુદ્દતે નામદાર કોર્ટ સમક્ષ હાજર રહેવાની ખાતરી આપતાં હોઈ તે હકીકત ધ્યાને લેતાં અરજદારોને યોગ્ય રકમનાં શરતી જામીન પર મુકત કરવા વ્યાજબી જણાતું હોઈ ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

**(૧)** આ કામનાં અરજદાર/આરોપીઓની બી.એન.એસ.એસ. કલમ-૪૮૩ અન્વયેની રેગ્યુલર જામીન અરજી આથી શરતી **મંજૂર** કરવામાં આવે છે.

**(૨)** આ કામના અરજદારોને તેમની વિરૂદ્ધ નોંધાયેલ જેતપુર ઉદ્યોગનગર પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૨૧૩૦૯૬૨૪૦૧૨૫/૨૦૨૪ થી ઈ. પી. કોડની કલમ-૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસિટી એક્ટની કલમ-૩(૧)(આર), ૩(૨)(૫-એ) મુજબના ગુના સબબ **પ્રત્યેક અરજદારે રૂા. ૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના** જામીન તથા તેટલી જ રકમનાં જાત મુચરકા અત્રેની અદાલત સમક્ષ રજૂ કર્યેથી **અરજદારને નિયમિત રીતે દર મુદ્દતે અદાલત સમક્ષ હાજર રહેવાની શરતે અગાઉ જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ શરતોને આધિન** રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવામાં આવે છે.

**(૩)** અરજદારે જામીન અત્રેની અદાલતમાં આપવાનાં રહેશે.

**(૪)** ઉપરોકત હુકમની જાણ કરતી યાદી સંબંધિત પોલીસ સ્ટેશનને

હુકમની અમલવારી માટે મોકલવી.

આ હુકમ આજરોજ **તા. ૧૬, માહે–જૂન, સને–૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તારીખઃ ૧૬/૦૬/૨૦૨૬**
**મુકામઃ જેતપુર.**

**( રાજેશ સુરેશચંદ્ર પુરાણી )**
**૭ માં એડિશ્નલ સેશન્સ જજ,**
**જેતપુર, જિ. રાજકોટ**
(Code No.GJ00727)